ગાંધીનગર સમાચાર

મકર સંક્રાતિ અભિનંદન

# આજે શહેરીજનો ૫૦ લાખનું ઉંધીયુ-જલેબી ઝાપટશે

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતની વિવિધ વાનગીઓ વિશ્વભરમાં જાણીતી છે. ઉંધીયુ તો દરેક ગુજરાતીમાં હોટ ફેવરીટ હોય છે. ઉતરાયણ પર્વમાં ઉંધીયુ-જલેબી ખાવાની વર્ષોની પરંપરા આજે પણ અકબંધ છે. નગરમાં સ્વાદના શોખીન નગરજનો ઉંધીયું- જલેબીની જયાફત માણે છે. જયારે નગરમાં ઉતરાયણને લઈ ઉંધીયાના ૨૫૦થી વધુ સ્ટોલ ઉભા થઈ ગયા છે. મોંઘવારી હોવા છતા ઉંધીયાના ભાવમાં નજીવો ભાવ વધારો જોવા મળ્યો છે. છતા સ્વાદના શોખીન નગરજનો અંદાજે રુ.૫૦ લાખ થી વધુનું ઉંધીયું -જલેબી ઝાપટી જઈને ઉતરાયણ પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરશે.

ગાંધીનગર શહેરના નગરજનો દરેક પર્વને આનંદ ઉલ્લાસ પૂર્વક ઉજવે છે. નગરજનો દરેક પર્વને રંગેચંગે ઉજવે છે કોઈ મોંઘવારી નડતી નથી. શિયાળાની સિઝનને વિવિધ વાનગી આરોગવાની સિઝન માનવામાં આવે છે. સ્વાદના શોખીનો શિયાળાની શરુઆતથી જ ઉંધીયાની લિજ્જત માણે છે. ઉતરાયણમાં નગરજનો દિવસ દરમ્યાન આકાશી યુધ્ધ ખેલે છે. નગરનું આકાશ રંગબેરંગી પતંગોથી ભરાઈ જાય છે. સવારથી જ નગરજનો ધાબા પર જઈને પતંગ ચગાવાનો આનંદ લુંટે છે. ઉતરાયણમાં પતંગની મજા સાથે વિવિધ વાનગી ઝાપટવાની પણ અનેરી મજા હોય છે. જેમાં મુખ્યત્વે ઉંધીયુ - જલેબી સહિત બોર, શેરડી, જામફળ, ચીક્કી, નો સમાવેશ થાય છે. ટચુકડા શહેરના ચટુકડા નગરજનોને વોંકીગ ડીસ્ટન્સ પર ઉંધીયું મળી રહે તેટલા સ્ટોલ્સ ઉભા થઈ ગયા છે. સ્ટોલ ધારકો અને દુકાનદારોએ આખી રાત ઉંધીયા જલેબી બનાવાની તૈયારીઓ કરી નગરજનોને સવારથી જ ઉંધીયુ મળી રહે તે પ્રકારનું આગોતરુ આયોજન કરી રાખ્યુંછે. કારમી મોંઘવારીનો માર ઉંધીયાને પણ લાગ્યો છે. ગત વર્ષ કરતા આ વર્ષે ઉંધીયાના ભાવમાં નજીવો વધારો થવા પામ્યો છે. ગાંધીનગરમાં આ વર્ષે ઉંધીયાનો કિલોનો ભાવ રુ.૨૦૦ છે જયારે તેલની જલેબીનો ભાવ રૂ. ૨૦૦ છે. પરંતુ શુધ્ધ ઘી ની જલેબીના કિલોના રૂ. ૪૪૦ છે. શહેરમાં સેકટર- ૬, ૭, ૧૭, ૨૧, ૨૨, ૨૪, સહિતના મેઈન બજારો તેમજ સેકટરના આંતરિક માર્ગો સહિત નગરના સર્કલો પર ઉંધીયુ-જલેબીના ૨૫૦ થી વધુ સ્ટોલ ઉભા થઈ ગયા છે. નગરના વેપારીઓ દ્વારા ગ્રાહકોને લાઈનમાં ન ઉભુ રહેવું તે પ્રકારનું આયોજર કરવામાં આવ્યું છે. ઉતરાયણ પર્વમાં નગરજનો પતંગ ચગાવાની મોજ સાથે ઉંધીયું-જલેબીની જયાફત માણી ઉત્સાહ પુર્વક ઉજવણી કરશે.







(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● સે-૩૦ સરકારી પશુ દવાખાના ખાતે સવારે ૮ થી ૧૨ અને સાંજે ૩ થી ૫ દરમિયાન ઈજા પામેલા પક્ષીઓને સારવાર અપાશે.

● સેકટર-૩૦ મુકિતધામ ખાતે જુનિયર સિટીઝન કાઉન્સીલ તથા વાઈલ્ડ લાઈફ રેસ્કયુ ટીમ દ્વારા ઘાયલ થયેલ પક્ષીઓની તાત્કાલિક સારવાર પુરી પાડવામાં આવશે.

● વન વિભાગના ગીર ફાઉન્ડેશન દ્વારા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ઘાયલ પક્ષીઓ માટે સારવાર કેમ્પ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## રાંધેજા સુંદરધામ ખાતે કથાનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સુંદરધામ શ્રી કષ્ટભજન ગોદડિયા હનુમાન મંદિરની પ્રતિષ્ઠાના એક વર્ષ પૂર્ણ થતા પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સુંદરધામ પરિવાર દ્વારા રાંધેજા સ્થિત હનુમાનજી મહારાજ મંદિરની પાટોત્સવની ઉજવણી અંતર્ગત તા. ૧૫થી ૨૩મી જાન્યુઆરી સુધી કથા યોજાશે. કથાનું બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન ગોસ્વામી સંજય ભારતી બાપુ દ્વારા રસપાન કરાવવામાં આવશે. કથા સ્થળે ભારતીબાપુજીના વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ તેમજ દિલીપ ભારતીની વ્યાસ પીઠે આનંદનો ગરબો યોજાશે.

## જે.બી. પ્રાથમિક શાળામાં નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ તથા ચીકીનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો સાથે સાથે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓને ચીકીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાકીય અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં પણ રસ દાખવી ઉત્સાહપૂર્વક ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# સ્માર્ટ સીટી બનાવતા પહેલાં શહેરની પાયાની સુવિધાઓ આપો

## ગાંધીનગર શહેર વિકાસ પરિષદની ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર વિકાસ પરિષદના પદાધિકારીઓ સર્વશ્રી લવજીભાઈ વાડિયા, શ્રી જયંતભાઈ જે. ભટ્ટ શ્રી રાજેન્દ્રભાઈ પારેખે સેકટરના પ્રતિનિધિઓ સાથે છેલ્લા કેટલાક દિવસોમાં સેકટર-૧, ૨, ૩, ૭ અને ૧૧, ૨૫, ૨૬, ૨૭ની રૂબરૂ મુલાકાત લઈને વિકાસની પરિસ્થિતિની તપાસ કરેલ હતી. પ્રત્યેક સેકટરમાં પોસ્ટ ઓફિસ, દવાખાનું, પ્રાથમિક શાળા, પોલીસ ચોકી, સુવિધા કેન્દ્ર, રંગમચ, માઈક્રો શોપ્સ તથા સેકટરના વિકાસને લગતા નકશામાં દર્શાવેલ વિગતો પ્રમાણે સવલતો હજુ સુધી મળી નથી. દા.ત. સેકટર-૧ અને ૧૧માં પુછપરછ કચેરી નથી. સેકટર-૧, ૨, ૩, ૧૨, ૧૩માં પોસ્ટ ઓફિસ નથી. પોલીસ ચોકી કે પોલીસ સ્ટેશન નથી. સે-૧ થી ૧૪માં શાકમાર્કેટ નથી. સે-૧૧માં સાત મલ્ટીસ્ટોર શોપીંગ કોમ્પ્લેક્ષ, થિયેટર, પેટ્રોલ પંપ અને શહેરની બે સ્ટાર હોટલો આવેલ હોવા છતાં રોજના હજારો લોકોની અવર જવર હોવા છતાં એક પણ જાહેર શૌચાલય-મુતરડી નથી. પાર્કીંગ પોલીસ વ્યવસ્થા નથી. સમગ્ર જિલ્લાનું જયાંથી સંચાલન થાય છે અને ન્યાય મળે તે માટે કલેકટર કચેરી, ન્યાયાલય પાછળના પાકા મુખ્ય રસ્તા ઉપર સે-૧૧ પેટ્રોલપંપથી કલેકટર કચેરી, નગરપાલિકા પરીષદ, ન્યાયાલય, પથિકાશ્રમ સુધી સ્ટ્રીટલાઈટ બંધ છે. વિશેષમાં સેકટર-૧૧માં સેકટર-૧૩, ૨૪ની જેમ ઝુંપડપટ્ટીઓની વણઝાર આવેલ છે જે ગંદકી, મળમૂત્ર, દુર્ગંધ અને રોગનો ફેલાવો કરે છે. લોકદરબારમાં સંબંધિત કચેરીઓ સમક્ષ અનેક વખત રજુઆત કરેલ છે છતાં નિકાલ થતો નથી. આ અંગે શ્રી નીતિનભાઈ પટેલ-મંત્રીશ્રી પાટનગર યોજના વિભાગને આક્રોશપૂર્ણ રજૂઆત કરવામાં આવેલ છે. કેન્દ્રની જવાહરલાલ નહેરૂ અર્બન ડેવલપમેન્ટની ગ્રાન્ટમાંથી ગાંધીનગરને વંચિત રાખેલ છે જે સમજાતું નથી. ચૂંટાયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થા મનપાને રૂ. ૫૦ કરોડની દર વર્ષે ગ્રાન્ટ મળવી જોઈએ તે પણ મળતી નથી. જો ગ્રાન્ટ મળે તો ગાંધીનગર વાસીઓ પર બોજ ઓછો પડે તેમ છે.



ગાંધીનગર તાલુકાની કેલોરેકસ પબ્લિક સ્કૂલ દ્વારા ઉત્તરાયણ પર્વે 'પક્ષી બચાવો' રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ધો-૩ થી ૫ના ૨૮ વિદ્યાર્થીઓએ લેકાવાડા ગામે અને ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ધરમપુર ગામે સુત્રોચ્ચાર સાથે બેનર્સ અને પ્લે કાર્ડસ પ્રદર્શિત કરી પક્ષી બચાવોનો સંદેશ પાઠવ્યો હતો. આચાર્યા એ બાળકોને પક્ષીઓ બચાવવાનું મહત્વ સમજાવ્યું હતું.

## વાતવાતમાં

● ઘ-દોઢ પાસે એક કોચિંગ એકેડમી નજીક પાર્ક કરાયેલા ટુ વ્હીલરમાંથી વહેલી સવારે સાડા પાંચ વાગે એક તસ્કર પોતાની સાથે લાવેલા તેલના ખાલી કેરબામાં પેટ્રોલ ચોરી કરી રહ્યો હતો બરાબર આ સમયે જ જેનું બાઈક હતું તે વિદ્યાર્થી જાગીને બહાર આવતા તસ્કર કેરબો ત્યાં મુકી રફફુચક્કર થઈ ગયો હતો.

● ઘ-૨ નજીકના બસ સ્ટોપે સવારે ૭ કલાકે અમદાવાદ તરફ જવા ઉભેલી એક મહિલા પેસેન્જરને લેવા ફેરા મારતી ઈકો કાર આવીને ઉભી રહી. આ મહિલા પેસેન્જરે ઈકો કારના દરવાજાને સ્લાઈડ કરી ખોલવાને બદલે અન્ય કાર મુજબ ખેંચીને ખોલવાનો પ્રયત્ન કરતા દરવાજો આખો જ બહાર નીકળી ગયો હતો.

● મંગળવારે મોડી રાત્રે શહેરના ઘ-૪ સર્કલ પાસેથી પસાર થતા એક કાર ચાલકની ગાડીનું પોલીસે ચેકીંગ કરતા તેમાંથી બિયરનું ટીન મળી આવ્યું હતું. જેના કારણે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ચારસો રૂપિયાના બિયરના ટીનના કારણે વાહનચાલકની ચાર લાખની કિંમતની ગાડી જપ્ત થઈ જવા પામી હતી.

● ગાંધીનગરમાં ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા આગામી ૧લી ફેબ્રુઆરીએ આવી રહેલા ૩૯મા સ્થાપના દિન નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરમાં કોસ્ટગાર્ડ ઉપરાંત બીએસએફ અને સીઆરપીએફના જવાનો પણ જોડાયા હતા.

● ઉત્તરાયણ અગાઉના દિવસે ગાંધીનગરના બજારોમાં પતંગ-દોરી વગેરેની ખરીદી માટે ઘરાકી ખુલતા બજારોમાં ભીડ જોવા મળી હતી અને ધાબાઓ પર પણ પતંગ રસિયાઓની હાજરી નોંધપાત્ર જોવા મળી હતી. જો કે શાળાઓમાં બુધવારે રજા ના અપાતા બાળકોમાં થોડી નિરાશા વ્યાપી હતી.

● ઉત્તરાયણના પર્વે સર્વે નગરજનોને શાંતિ અને સલામતી સાથે ઉત્સવનો આનંદ ઉડાવવા ઉપરાંત પક્ષીઓની સલામતી માટે સવારે ૬ થી ૯ અને સાંજે ૫ થી ૭ દરમિયાન પતંગ ના ઉડાડવા અપીલ કરવામાં આવે છે આ ઉપરાંત હવામાં છુટ્ટા ઉડતા તુક્કલ ખેતીના પાકને કે અન્ય મિલ્કતોને, જાનમાલને નુકસાન પહોંચાડી શકે છે. માટે તેનો ઉપયોગ ના કરવા અનુરોધ સાથે પર્વની હાર્દિક શુભેચ્છાઓ.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## મોટાબાર ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૧૩

શ્રી મોટા બાર ગામ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા તાજેતરમાં સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સામાજિક નાટક 'સંસ્કાર'નું મંચન પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત બાળકો માટે રમતગમત, સાંસ્કૃતિક, ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નાટક રાત્રે યોજાયું હતું.

સમારંભના મુખ્ય મહેમાન પદે પ્રો. આર.કે. પટેલ (ગોઝારીયાવાળા) ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથિ તરીકે ભાઈલાલભાઈ પટેલ (પટેલ પાર્લરવાળા), નિમિષાબેન પટેલ અને ભાજપના અગ્રણી મહેન્દ્રભાઈ ડી પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સમાજને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યયોજના ઘડી કાઢવા હાકલ કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ (સરઢવવાળા, નિવૃત્ત મદદનીશ વન સંરક્ષક), ઉપપ્રમુખશ્રી જીવણભાઈ પટેલ, શ્રી પ્રવીણકુમાર પટેલ, મંત્રીશ્રી બાબુભાઈ પટેલ, સહમંત્રી શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ, શ્રી બળદેવભાઈ પટેલ, ખજાનચીશ્રી જયેશભાઈ પટેલ, ઓડિટરશ્રી હેમચંદ્રભાઈ પી. પટેલે જહેમત ઊઠાવી હતી.

# શહેરમાં વિવિધ છ સ્થળોએ ચોરીનાં બનાવો...!

## ઘ-૨ સર્કલ પાસે પાન બીડીના ગલ્લાનું તાળુ તુટયું : સે-૩ ડીમાં રીક્ષામાંથી ટેપની ચોરી : ત્રણ સ્થળેથી વાહનોની ચોરી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર વિસ્તારમાં ચોરોએ જાણે હાહાકાર મચાવી મુકયો છે. શહેરના વિવિધ છ સ્થળો પર ચોરીના બનાવો બનવા પામ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે તે પૈકી માત્ર એક જ ચોરીનો ગુનો પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. પાન-બીડીના ગલ્લાથી માંડીને વાહનોને ટાર્ગેટ બનાવી ચોરો કળા કરી ગયા તેમ છતાં શહેરમાં પેટ્રોલીંગ કરતી પોલીસ પૈકી એકેયને ચોરો નજરે ચઢયા નહીં તે પણ ચોંકાવનારી બાબત છે.

મળત માહિતી મુજબ રાત્રી દરમિયાન શહેરના ઘ-૨ સર્કલ પાસે સેકટર-૨નાં કોર્નર પર એક પાન બીડીના ગલ્લાને તસ્કરોએ નિશાન બનાવ્યો હતો. ગલ્લાનું તાળુ તોડીને અંદરથી સિગારેટ તથા પાન મસાલાની પડીકીઓની ઉઠાંતરી કરી હતી. તે ઉપરાંત સેકટર-૩-ડી ખાતે રહેતા જયેશ રાવળના ઘર આંગણે રાત્રે પાર્ક કરેલી રિક્ષામાંથી ટેપની ચોરી થઈ જવા પામી હતી. તે ઉપરાંત સે-૧૨ ખાતે સિવિલ હોસ્પિટલ સંકુલમાંથી બે ટુ વ્હીલરની ઉઠાંતરી થઈ જવા પામી છે. સીસીટીવી ફુટેજ તપાસણી કરવામાં આવી પરંતુ આ ચારેય ચોરીના બનાવો અંગે પોલીસ ફરિયાદ થવા પામી નથી. સે-૧૧ કલેકટર કચેરી બહારથી રાંધેજાના બળદેવજી મણાજી ઠાકોરના સ્પ્લેન્ડર બાઈકની ચોરી થઈ જવા પામી હતી. આ બનાવ અંગે સે-૭ પોલીસ મથકમાં ગુનો નોંધાવા પામ્યો છે તે ઉપરાંત સે-૨૨ જૈન દેરાસર સામે જે.કે. ઈન્ફ્રાની કન્સ્ટ્રકશન સાઈટ પરથી એક વૃદ્ધા પાણીની સીન્ટેક્ષની ટાંકી ઉઠાવીને રફફુચક્કર થઈ ગઈ હતી. કન્સ્ટ્રકશન સાઈટ પર લાગેલા સીસીટીવી કેમેરામાં આ વૃદ્ધા ટાંકીને ચોરીને લઈ જતી પણ કેદ થઈ ગઈ છે. જો કે કોઈ મોટી માલમત્તાની ચોરી ન થઈ હોવાથી બિલ્ડરે પણ વૃદ્ધાને જરૂરીયાતમંદ માનીને ફરિયાદ કરવાનું ટાળ્યું છે.



આજ રોજ સેકટર-૮ સ્થિત આદર્શ નિવાસી શાળા ખાતે આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થનીએ આનંદમેળામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ આનંદ મેળામાં ૨૦થી વધુ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં ચટાકેદાર નાસ્તા અને રમત ગમતના મોટા ભાગના સ્ટોલ જોવા મળ્યા હતા. આ સ્ટોલોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ આનંદમેળાનો આનંદ માણ્યો હતો.

# શહેરમાં ઘાયલ પક્ષીઓની સારવાર માટે વિશેષ આયોજન

## જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વાઈલ્ડ લાઈફ રેસ્કયુ ટીમના સહકારથી મુકિતધામ ખાતે સારવાર કેમ્પ : વન વિભાગના ગીર ફાઉન્ડેશન દ્વારા વનશ્રી ટ્રસ્ટના સહકારથી ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે સારવાર કેમ્પ : સ્વયંસેવકો ખડે પગે વિના મૂલ્યે સ્થળ પર આવી ઘાયલ પક્ષીને સારવાર માટે લઈ જશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં ઉત્તરાયણ પર્વનો ઉત્સાહ ચોમેર છવાયો છે. જો કે બીજી તરફ આ પર્વ દરમિયાન ઘાયલ થતા પક્ષીઓની સારવાર માટે નગરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યા છે. શહેરની જુનિયર સિટીઝન કાઉન્સિલ તથા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ દ્વારા મુકિતધામ ખાતે પક્ષીઓની સારવાર માટે કેમ્પનું આયોજન કરાયું છે. આ ઉપરાંત ગીર ફાઉન્ડેશન દ્વારા વન વિભાગ અને વનશ્રી ટ્રસ્ટના સહયોગથી બર્ડ રેસ્ક્યુ ૨૦૧૬ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાં ઉત્તરાયણ નિમિત્તે સે-૩૦ના સરકારી પશુ દવાખાના ખાતે પણ ખાસ આયોજન હાથ ધરાયું છે. ઉત્તરાયણની સરકારી રજા હોવા છતાં આ દવાખાનું સવારે ૮ થી ૧૨ અને સાંજે ૩ થી ૫ વાગ્યા દરમિયાન ચાલુ રાખવામાં આવશે જયાં પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓની સારવાર આપવાની વ્યવસ્થા કરાઈ છે. જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા પક્ષી બચાવ અભિયાન હેઠળ તા. ૧૩, ૧૪, ૧૫ જાન્યુઆરી દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવશે.

ઈન્દ્રોડા નેચર પાર્ક સ્થિત ગીર ફાઉન્ડેશન દ્વારા પણ દર વર્ષે ઉત્તરાયણમાં ઘાયલ પક્ષીઓની સારવાર માટે ખાસ કેમ્પ યોજવામાં આવે છે. આ સારવાર કેમ્પમાં ઈન્દ્રોડા પાર્ક ખાતેની ખાસ હોસ્પિટલમાં ડોકટર્સની ટીમ ખડે પગે તૈનાત રહે છે. અહીં લાવવામાં આવતા ઘાયલ પક્ષીની ઈજા જો સામાન્ય હોય તો તેને જરૂરી પ્રાથમિક સારવાર અપાય છે પરંતુ જો ઈજા ગંભીર હોય જેમાં પાંખ કપાઈ ગઈ હોય કે ચીરો પડયો હોય તો સર્જરી ઓપરેશન કરવાની કે ટાંકા લેવાની સગવડ પણ અહીં ઉપલબ્ધ છે. ઘણી વાર પંખીના શરેરી દોરી વીંટળાઈ જવાથી અત્યંત નાજુક પરિસ્થિતિ હોય છે તે માટે તેને હોસ્પિટલમાં વિશેષ સારવાર આપવામાં આવે છે. ઘાયલ પક્ષી માટે ફોન મળતા જ વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવકો સ્થળ પર ધસી જઈ પ્રાથમિક સારવાર માટે પક્ષીને બાસ્કેટમાં હોસ્પિટલમાં લઈ આવવા સુધીની સેવા વિના મૂલ્યે આપશે. સારવાર બાદ જો પક્ષી તુરંત ઉડી શકવા સમર્થ ના હોય તો તેને જરૂર મુજબના સમય સુધી પક્ષી ગૃહમાં રાખવાની સેવા ઉપલબ્ધ રખાઈ છે.

### ઘાયલ પક્ષી દેખાય તો તુરંત કૉલ કરો

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીની વિના મૂલ્યે તાત્કાલિક સારવાર માટે ખાસ હેલ્પલાઈન નંબરની વ્યવસ્થા કરાઈ છે. નગરજનોને પતંગ પર્વના આનંદ લુટવા સાથે અબોલપક્ષી ઘાયલ થયેલું જણાય તો તુરંત જ આ નંબરો પર સંપર્ક કરવા વિનંતી કરાઈ છે. આ હેલ્પલાઈન પર કૉલ કરવાથી સ્વયંસેવકો તુરંત જ ઘટનાસ્થળે આવી પક્ષીને સારવાર આપશે અથવા જરૂર હશે તો સારવાર કેન્દ્ર પર લઈ જઈ સઘન સારવાર અપાવવાની તજવીજ કરશે.

● જુનિયર સિટીઝન કાઉન્સીલ-વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમ
હેલ્પલાઈન નં. ૮૪૦૧૪ ૮૮૫૮૮, ૮૦૦૦૨ ૧૨૧૧૭, ૯૦૩૩૬ ૧૭૧૩૩, ૯૯૨૪૧ ૮૦૩૦૨

● વનશ્રી ટ્રસ્ટ-ગીર ફાઉન્ડેશન
હેલ્પલાઈન નં. ૮૭૫૮૫ ૬૫૫૬૬, ૮૪૬૦૬ ૧૯૫૧૯, ૯૮૨૪૨ ૫૬૪૧૦, ૯૯૧૩૬ ૦૫૮૮૬

● સે-૩૦ પશુ દવાખાનુ : ફોન નં. ૨૩૨૬૦૨૦૪
સમય સવારે ૮ થી ૧૨ અને સાંજે ૩ થી ૫

### સવારે અને સાંજે પતંગ ના ચગાવવા અપીલ

પતંગ પર્વનો આનંદ લૂંટતા તમામ પતંગ રસિકોને જુનિયર સિટીઝન કાઉન્સિલ તથા વનશ્રી ટ્રસ્ટ સહિત તમામ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ દ્વારા



વહેલી સવારે પંખીઓના માળમાંથી બહાર નીકળી ચણ લેવા જવાના સમયે એટલે કે સવારે ૭ થી ૯ વાગ્યા દરમિયાન તથા સાંજે પક્ષીઓના માળામાં પરત ફરવાના સમય ૪ થી ૬ કલાક દરમિયાન પતંગ ના ઉડાડવા અનુરોધ કરવામાં આવ્યો છે. પર્વના આનંદ સાથે અબોલ પંખીઓ પ્રત્યે પણ દયાભાવ રાખી પતંગ રસિયાઓએ પોતે અને પોતાના સંતાનોને આ સમયે પતંગ ના ચગાવવા વિનંતી કરવામાં આવી છે.

## માઉન્ટ કાર્મેલ શાળાના ઈકો કલબ દ્વારા ઉત્તરાયણ જાગૃતિ




ગાંધીનગર, તા.૧૩

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના ઈકો કલબના વિદ્યાર્થીઓએ ઉત્તરાયણ પર્વ નિમિત્તે પક્ષીઓને બચાવવા અંતર્ગત લોકજાગૃતિ રેલી તથા નાટકનું આયોજન કર્યુ હતું. રેલીમાં આશરે ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. 'પક્ષી બચાવો', 'દોરીથી દોરી કાપો, જીવાદોરી નહીં' જેવા સૂત્રોચ્ચાર સાથે શાળાની બહારના વિદ્યાર્થી અને વાલીઓને જાગૃત કર્યા હતા. ઉપરાંત લોકજાગૃતિ માટે પક્ષી બચાવો નાટક પણ રજુ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ ઈકો કલબ ઈનચાર્જ શિક્ષિકા હેમાંગીની દીપંકરે સફળતાપૂર્વક સંપન્ન કર્યુ હતું.

## ચિરવિદાય

- સ્વ. દશરથસિંહ જીવણસિંહ વાઘેલા, ઉ.વ. ૭૫
- સ્વ. નગીનભાઈ ગાંડાભાઈ વાળંદ, ઉ.વ. ૫૦
- સ્વ. ઠાકોર માનસંગજી ચતુરજી, ઉ.વ. ૮૦